ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ઘ-૪ વિસ્તારમાં ટ્રાફિક મેનેજમેન્ટને લઈ આઈલેન્ડ બનાવવા કામ શરૂ



(તસવીર : દિપક જાની)

## પ્રાયોગિક કામગીરી બાદ ટ્રાફિકની મુવમેન્ટનો અભ્યાસ કરાશે

ગાંધીનગર, તા. ૧૬

ઘ-૪ વિસ્તારમાં ટ્રાફિક મેનેજમેન્ટને અનુલક્ષી તંત્ર દ્વારા આઈલેન્ડ બનાવવાનું કામ શરૂ કરી દેવાયુ છે. પ્રાયોગિક કામગીરી ટ્રાફિક માટે સાનુકુળ રહેશે તો આ વ્યવસ્થાને કાયમી ગોઠવવામાં આવશે. ટ્રાફિક નિયમનનું પાલન થાય અને વાહનચાલકો રોંગ સાઈડમાં જતા અટકે તેવા આશયથી આ ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

સ્વર્ણિમ પાર્કની કામગીરીને લઈ ઘ-૪ વિસ્તારમાં ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. ઘ-૪ થી ચ-૪ વચ્ચે સ્વર્ણિમ પાર્કનું બીજા તબક્કાનું કામ હાથ ધરાતા આ બન્ને રસ્તાઓ બંધ કરી દેવાયા છે. હાલ આ માટે સર્વિસરોડનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ આ વિસ્તારમાં ઉદ્યોગભવન અને ટાઉનહોલ પણ સ્થિત હોવાથી કર્મચારીઓની વિશેષ અવર-જવર રહે છે જેના પરિણામે દિવસ દરમિયાન ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. આવા સંજોગોમાં મુખ્યમાર્ગ પરથી સર્વિસ રોડ પર જવા વાહનચાલકો રોંગ સાઈડમાં દોરવાતા વારંવાર ટ્રાફિક જામ સાથે માર્ગ સલામતી જોખમાય છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ વિસ્તારમાં ટ્રાફિકને યોગ્ય રીતે કંટ્રોલ કરવા તેમજ યોગ્ય માર્ગ તરફ ટ્રાફિક મેનેજ થાય તે માટે આઈ લેન્ડ બનાવવાનો નિર્ણય લેવાયો છે. આ અન્વયે પ્રાયોગિક કામગીરી શરૂ કરી દેવાઈ છે. સર્કલના હેડીયલ નજીક સ્થિત 'ઘ' માર્ગના સેન્ટ્રલ પાર્કનો આગળનો થોડો ભાગ પણ તોડી પાડવામાં આવ્યો છે. સપ્તાહના અંતમાં આ પ્રાયોગિક વ્યવસ્થા ઉભી કરાવ્યા બાદ ટ્રાફિકની દૃષ્ટિએ પરિસ્થિતિનો અભ્યાસ કરી આખરી આયોજન હાથ ધરવામાં આવશે.

# ગાંધીનગરમાં ગરમીનો આકરો મીજાજ

## ગાંધીનગરાઓએ બુધવારે ખરા અર્થમાં આકરી ગરમીનો અનુભવ કર્યો : માર્ગો સુમસામ

ગાંધીનગર, તા. ૧૬

ઘણા દિવસો સુધી એકધારૂ વાતાવરણ રહ્યા બાદ બુધવારે ગરમીનો આકરો મીજાજ જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચી જતા જનજીવન પર તેની અસર જોવા મળી હતી.

ઉનાળાની આકરી ગરમીનો પ્રારંભ થઈ ચુક્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી ૩૭-૩૮ ડિગ્રીની વચ્ચે રહેતુ મહત્તમ તાપમાન બે ડિગ્રી જેટલુ વધ્યુ હતુ. મહત્તમ તાપમાન વધતા ગાંધીનગરાઓએ આકરી ગરમીનો અનુભવ કર્યો હતો. લઘુત્તમ તાપમાન પણ ૨૨ ડિગ્રી જેટલુ ઉંચુ રહેતા આખી રાત અને દિવસ પંખા ફુલ સ્પીડે ફર્યા હતા. ઘરોમાં અને સરકારી કચેરીઓમાં એ.સી.નો વપરાશ પણ વધ્યો હતો. બપોરે બાર વાગ્યા પછી ગરમીનું જોર વધતા જનજીવન પર તેની અસર જોવા મળી હતી. બપોરે માર્ગો એકદમ સુમસામ જોવા મળ્યા હતા. બજારોમાં પણ ભીડ જોવા મળી ન હતી. છેક સાંજે લોકો શાકભાજી સહિતની ચીજવસ્તુઓ ખરીદવા ઘરની બહાર નીકળેલા જોવા મળ્યા હતા. અકળાવનારી ગરમીથી રાહત મેળવવા માટે ઘણા વસાહતીઓ મોડી રાત સુધી બહાર ફરતા જોવા મળ્યા હતા. ઘ-૪ થી લઈને મહાત્મા મંદિર સુધીના માર્ગે તો સાંજથી લઈને મોડી રાત સુધી જાણે મેળો લાગ્યો હોય તેવી ભીડ જામેલી જોવા મળી હતી. ઠંડા પીણા, આઈસ્કીમ અને બરફ ગોળાની લારીઓ પર પણ ભીડ જોવા મળી હતી. આગામી દિવસોમાં ઉનાળાનો મીજાજ વધુ આકરો બને તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. ભેજનું પ્રમાણ સવારે ૫૨ ટકા અને સાંજે ૨૦ ટકા રહ્યું છે.



(તસવીર : દિપક જાની)

ગરમીનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચતા માર્ગો સુમસામ બન્યા

# મહીલાઓના હાથમાં મહેંદી લગાવી કમળ નિખારવાનું વિશેષ અભિયાન

## ભાજપ દ્વારા આજે સે-૧૪માં ડોર ટુ ડોર પ્રચાર કરાયો

ગાંધીનગર, તા.૧૬

ભાજપ દ્વારા આજે સેકટરોમાં ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ તેજ બનાવી કમળની મહેંદી નિખારવા પક્ષના પ્રચારમાં ઉત્સુક બની છે.

શહેરમાં પૂનમના દિવસે ભાજપે પત્રિકાઓનું વિતરણ કરાશે. જેમાં કોંગ્રેસના મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેકારી, કુશાસન અને અસ્થિરતા દર્શાવતા વિવિધ મુદ્દાઓને પણ મતદારો સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ભાજપ મહીલા મોરચાની ટીમ દ્વારા પણ ઘરે ઘરે ફરીને મહીલાઓના હાથમાં મહેંદી મુકી કમળ નિખારવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં મહિલા મોરચાના અગ્રણી દીનાબેન ભટ્ટની આગેવાનીમાં મહીલા કાર્યકર્તાઓ આ ઝુંબેશ વધુ તેજ બનાવશે. સે-૧૪માં આજે ભાજપના પ્રચાર ઝુંબેશ દરમિયાન વાડીભાઈ પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શહેર ભાજપના પ્રમુખ નીતિન



દેવાઈ છે. આજે સે-૧૪ એમાં ૬૫/૧ ખાતેથી ચુંટણી પ્રચારનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ભાજપના મહિલા મોરચાની ટીમ પણ ઘરે ઘરે બહેનોના હાથમાં ચુંટણી પ્રચારમાં વિરામ રાખ્યા બાદ આગામી દિવસોમાં પ્રચાર ઝુંબેશમાં વધુ ગતિ લાવવામાં આવશે. આગામી દિવસોમાં નાગરિકોને ઘરે ઘરે અડવાણીજી અને મોદીના ફોટાવાળી પટેલ સહીતના પક્ષના હોદ્દેદારો નજરે પડયા હતા. જો કે આ દરમિયાન કાર્યકર્તાઓ જાણે પ્રચારમાંથી અદશ્ય થઈ ગયા હોવાનું પણ ધ્યાને આવ્યું હતું.

# આપના સ્ટાર પ્રચારક આશિષ ખેતાન વીસમીએ ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા. ૧૬

લોકસભાની ચૂંટણીને લઈ દેશભરમાં 'આમ આદમી' પાર્ટીના પ્રચારકો ફરી ફરી કોંગ્રેસ-ભાજપના ગઠબંધનના પ્રજાના પૈસે કરાતા કરોડો



રૂપિયાના ખર્ચે થતા પ્રચાર સામે સામનો કરી રહ્યા છે. ત્યારે આમ આદમી પાર્ટીના સ્ટાર પ્રચારક અને દિલ્હીના ઉમેદવાર આશિષ ખેતાન આજથી ચાર દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે.

દિલ્હીના જાણીતા ખોજી પત્રકાર અને મોદી સરકાર અને ભાજપના ગુનાહીત રાજકારણની ઘણી બધી પોલ પોતાની પત્રકાર તરીકેની કારકિર્દીમાં ખોલેલી છે તેવા આમ આદમી પાર્ટીના સ્ટાર પ્રચારક અને દિલ્હીના યુવા ઉમેદવાર આશિષ ખેતાન આવતીકાલથી ગુજરાતના ચાર દિવસના ચૂંટણી પ્રવાસે આવી રહ્યા છે અને તેઓ આજે સાંજે અમદાવાદમાં જાહેરસભાને સંબોધશે.

બાદમાં ૧૮મીએ હિંમતનગર, અંબાજી, પાલનપુરમાં તેમજ ૧૯ અને ૨૦મીએ અમદાવાદ અને ગાંધીનગર વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરશે. આ ચાર દિવસની મુલાકાતમાં અલગ-અલગ જગ્યાએ રોડ શૉ બેઠકો અને સભાઓ દ્વારા આમ આદમી સુધી આમ આદમી પાર્ટીના વિચારોને પહોંચાડશે.

# જાહેર રજાના દિવસે સ્કૂલ ચાલુ રાખતા સહજાનંદ સ્કૂલને નોટીસ

## આંબેડકર જયંતિની રજામાં શૈક્ષણિક કામગીરી ચાલુ રહેતા ડી.ઈ.ઓ.એ નોટીસ આપી

ગાંધીનગર, તા. ૧૬

આંબેડકર જયંતિની જાહેર રજા દરમિયાન શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવાના મુદ્દે શિક્ષણતંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરમાં શિક્ષણ કાર્ય ચાલુ હોવાનુ સ્પષ્ટ થતા જિલ્લા શિક્ષણાધિકારીએ શાળા સંચાલનને નોટીસ આપી છે.

૧૪ એપ્રિલના રોજ આંબેડકર જયંતિની જાહેર રજા હોવાથી તમામ સરકારી કચેરીઓ તેમજ શાળાઓ બંધ રહી હતી પરંતુ આ જાહેર રજાના દિવસે શહેરમાં અમુક શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવામાં આવતુ હોવાનુ ધ્યાને આવતા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી હતી. જેના અંતે સરગાસણ સ્થિત સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સનો શૈક્ષણિક કાર્ય રજાના દિવસે પણ ચાલુ હોવાનુ ધ્યાને આવ્યું હતું. જેના પગલે જિલ્લા શિક્ષણાધિકારી બારડે શાળાના સંચાલકને નોટીસ આપી છે. જાહેર રજાના દિવસે નિયમ મુજબ કામગીરી ન થતા શિક્ષણતંત્ર દ્વારા આવી શાળાઓ સામે લાલ આંખ કરવામાં આવી છે.

# વાવોલના ૯૦ યુવાનો કોંગ્રેસમાં

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર નજીક આવેલ વાવોલ ગામના ૯૦ થી વધુ યુવાનો દેવેન્દ્રસિંહ ગોલની આગેવાનીમાં આજે કોંગ્રેસ પક્ષમાં જોડાયા છે અને ગાંધીનગરના ઉમેદવાર કીરીટ પટેલને વિજયી બનાવવા માટે સંકલ્પ લીધેલ છે.

ગાંધીનગર (ઉ)ના ગ્રામ્ય વિસ્તારના કાર્યકરોની આજે હોટલ ઘૂંઘટ ખાતે યોજાયેલ બેઠકમાં આ યુવાનો જોડાયા હતા. આ બેઠકમાં જિલ્લા પ્રમુખ શ્રી જશુભા રાણા, પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, શહેર પ્રમુખ શ્રી મુકેશ પટેલ, કોર્પો. પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડા, શ્રી અશ્વિનભાઈ બારોટ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : કશ્યપ નિમાવત)

અવળ ચંડાઈ - ગાંધીનગરની માઠી બેઠી છે... આખુ રાજ્ય વિકાસના પંથે છે... જ્યારે ગાંધીનગર વિકટતાના પંથે છે... નગરમાં માર્ગદર્શન માટે ઉભા કરાયેલ સાઈન બોર્ડને પણ વાળી નાખવાના, તોડી નાખવાના કે અક્ષરોની તોડ-મરોડ કરવાની અવળચંડાઈ કેટલી હદ સુધીની એની આ પ્રતિતિ છે...

# આઈ.આઈ.ટી. ઈન્સ્ટીટ્યુટમાં કરંટ લાગવાથી મજુરનું મૃત્યુ

## મશીનથી પથ્થર ઘસતી વખતે કરંટ લાગ્યો : ઘટના સ્થળે મોત

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક આવેલા પાલજ ગામ પાસે પેટ્રોલપંપ નજીક આઈ.આઈ.ટી ઈન્સ્ટિટયૂટનું બાંધકામ ચાલી રહ્યું છે.જેમાં મજુરી કામ કરતા ૨૨ વર્ષીય મૂળ મધ્ય-દેશનો વતની યુવાન ગઈ કાલે સવારે મશીન થી પથ્થર ઘસાઈ નું કામ કરી રહ્યો હતો તે દરમ્યાન અચાનક મશીન માંથી વાયર તેના હાથને અડકી જતા કરંટ લાગી ગયો હતો.મજુર ને કરંટ લાગતા ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજયું હતું.ચિલોડા પોલીસ મથકના પી.એસ.આઈ જે.બી. ચાવડા એ અકસ્માત મોત નો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# બ્રહ્મસમાજના અગ્રણી અશ્વિન ત્રિવેદીને ચાણક્ય એવોર્ડ

## શહેરના કથાકાર કનૈયાલાલ પંડ્યા અને કે.બી. વ્યાસને એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા. ૧૫

શહેરના જાણીતા ધારાશાસ્ત્રી અને આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ સાંસદના રાષ્ટ્રીય સચિવ અશ્વિન ત્રિવેદીને શ્રી ચાણક્ય એવોર્ડ-૨૦૧૪ એનાય કરી સન્માનિત કરવામાં આવ્યા, તેમજ કથાકાર કનૈયાલાલ પંડ્યા અને માણસાના ડી.કે. વ્યાસને પણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.



શ્રી ચાણક્ય સમસ્ત બ્રાહ્મણ ઉત્કર્ષ સેવા ટ્રસ્ટ દ્વારા ગઈ તા. ૧૩ એપ્રિલ અમદાવાદ કીડની ઈન્સ્ટીટ્યુટ ઓડિટોરિયમ હોલમાં કીડની ઈન્સ્ટીટ્યુટના અધ્યક્ષ ડૉ. એચ.એલ. ત્રિવેદીની અધ્યતામાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમગ્ર રાજ્યમાંથી ૫૧ બ્રહ્મરત્નોને ચાણક્ય એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગરના જાણીતા ધારાશાસ્ત્રી અને ગાંધીનગર સમાચારના કોલમિસ્ટ અશ્વિન ત્રિવેદીને શ્રી ચાણક્ય એવોર્ડ-૨૦૧૪ એનાયત કરવામાં આવ્યો હતો. તેમજ નગરના જાણીતા કથાકાર કનૈયાલાલ પંડ્યા, કે.બી. વ્યાસ અને માણસા બ્રહ્મસમાજના અગ્રણી ડી.કે. વ્યાસનું પણ ચાણક્ય એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત બ્રહ્મ સમાજના ડાહ્યાભાઈ શાસ્ત્રી, અજીતભાઈ શાસ્ત્રી, ડામરાજી, શૈલેષ જોષી, જગદીશ દવે, પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી સહિત મોટી સંખ્યામાં સમગ્ર રાજ્ય બ્રહ્મદેવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન રાજેન્દ્ર વ્યાસે કર્યું હતું.

# સે. ૧૫ વાણિજ્ય કૉલેજ ખાતે મતગણતરી યોજાશે

ગાંધીનગર, તા.૧૬

૬ - ગાંધીનગર સંસદીય મતદાર વિભાગની લોકસભા સામાન્ય ચૂંટણીનું મતદાન તા. ૩૦મી એપ્રિલ, ૨૦૧૪ના રોજ યોજાશે. મતગણતરી તા. ૧૬મી મે, ૨૦૧૪ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત ગાંધીનગર સંસદીય મતદાર વિભાગની મત ગણતરી સરકારી વાણિજ્ય કોલેજ, સેકટર-૧૫ ખાતે કરવામાં આવનાર છે. જેમાં ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિધાનસભા મતદાર વિભાગ ૩૬ ગાંધીનગર (ઉ)ની મત ગણતરી હોલ નંબર-સી-૪માં, ૩૮- કલોલની મત ગણતરી હોલ નંબર સી-૬માં, ૪૦ સાણંદની મત ગણતરી સી-૮માં, ૪૧- ઘાટલોડિયાની મત ગણતરી હોલ નંબર સી- ૧૮માં, ૪૨ વેજલપુરની મત ગણતરી હોલ નંબર - સી-૨૦માં, ૪૫ - નારણપુરાની મત ગણતરી હોલ નંબર- સી - ૧૨માં અને ૫૫- સાબરમતીની મત ગણતરી હોલ નંબર- સી-૧૦માં કરવામાં આવનાર છે.

તે ઉપરાંત તમામ વિધાનસભા મતદાર વિભાગના મત ગણતરી હોલથી નજીકમાં સ્ટ્રોંગ રૂમ બનાવવામાં આવનાર છે. જે અંતર્ગત ૩૬ ગાંધીનગર (ઉ)નો સ્ટ્રોંગ રૂમ સી-૩ ભોયતળિયે, ૩૮- કલોલ નો સ્ટ્રોંગ રૂમ સી-૫, -થમ માળ, ૪૦ સાણંદ નો સ્ટ્રોંગ રૂમ સી-૭, -થમ માળ, ૪૧- ઘાટલોડિયા નો સ્ટ્રોંગ રૂમ સી-૧૭, -થમ માળ, ૪૨ વેજલપુર નો સ્ટ્રોંગ રૂમ સી-૧૯, -થમ માળ, ૪૫ - નારણપુરા નો સ્ટ્રોંગ રૂમ સી-૧૧, બીજો માળ અને ૫૫- સાબરમતી નો સ્ટ્રોંગ રૂમ સી-૯, બીજો માળ ખાતે તૈયાર કરવામાં આવ્યો છે.

તે ઉપરાંત મિડિયા રૂમ સી-૨૧ ખાતે કાર્યરત કરાશે. મતગણતરીના દિવસના સુચારુ આયોજન માટે તાજેતરમાં જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી.સ્વરૂપ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી શરદ સિંઘલ, નિવાસી અધિક કલેક્ટર શ્રી એમ.ડી.મોડિયા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશ પટેલ મત ગણતરી કેન્દ્રના સ્થળની મુલાકાત લીધી હતી.

## સાતમી પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન



ભર્યા ભર્યા જગ વચ્ચે<br>એકલું લાગે ત્યારે,<br>શૂળ બનીને યાદ તારી<br>અંતર વાગે જ્યારે.

**સ્વ. અનંતકુમાર નટુભાઈ પરમાર**

M.Sc. (IT)<br>Officer,<br>Corporation Bank<br>Eye-Donor<br>1983-2007

નટુભાઈ - રસીલાબેન પરમાર<br>સ્નેહલ - નમ્રતા, અક્ષત • અપેક્ષા<br>અક્ષરા, જવલ તથા પરિવાર<br>૧૬૮/૨, સૂર્યનારાયણ સોસાયટી, સે.૨૫, ગાંધીનગર<br>મો. : ૯૮૨૫૬ ૩૨૮૩૮ અને ૨૩૨૮૭૩૯૦

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૯-૪-૧૪, શનિવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે. જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. ગર્વમેન્ટ પ્રેસ ઓવર હેડ<br>૨. સહજાનંદ લેસર ટેક

સહી/-<br>ટોરેન્ટ પાવર લિમીટેડ

## વોક-ઈન-ઈન્ટરવ્યુ

ગાંધીનગર નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વીથ એચ.આઈ.વી. એઈડ્સ (ગાંધી એનપી+)માં ચાલતા વિહાન પ્રોજેક્ટ અંતર્ગત ચાલતા કેર એન્ડ સપોર્ટ સેન્ટરમાં નીચે મુજબની જગ્યા ખાલી પડેલ છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | લાયકાત | પગાર |
|---|---|---|---|---|
| ૧ | કોમ્યુનિટી કાઉન્સેલર | ૧ | ૧૨ પાસ HIV પોઝીટીવ | ૫૫૦૦ |
| ૨ | ઓ.આર. ડબલ્યુ (ORW) | ૧ | ૧૨ પાસ HIV પોઝીટીવ | ૫૫૦૦ |
| ૩. | એકાઉન્ટન્ટ | ૧ | બી.કોમ. ટેલીના જાણકાર | ૫૫૦૦ |

ઈન્ટરવ્યુ સમય : સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦ કલાકે<br>તારીખ : ૨૧-૪-૨૦૧૪, સોમવારે<br>સ્થળ : પ્લોટ નં. ૮૭૮/૧, સેક્ટર-૬/સી, ગાંધીનગર.<br>મો. ૯૫૭૪૩૬૦૦૧૧ Email : gandhinagar_gsnpplus@yahoo.co.in

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ<br>ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT<br>Turning Dreams into Concrete Reality<br>C. C. C. (Customer Care Centre)<br>Gandhinagar District

VINAYAK 500™<br>TMT BARS - ISI<br>ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત<br>તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ<br>ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા<br>એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા<br>BIRLA TYRES Unbeatable! CEAT<br>તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે<br>પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.<br>ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

જગદીશ સ્ટીલ સ્ટોર્સ<br>પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.<br>ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,<br>શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬<br>સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨<br>સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વૉટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com